

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 076
Dt.: 26-11-2025,
Wednesday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### H-1B વિઝા પર ટ્રમ્પનું બેવડું વલણ

# નોકરીઓ અમેરિકનોને જ પણ કુશળ વિદેશીઓની જરૂર

**શ્રમિકોના કારણે મુખ્ય ઉદ્યોગોમાં અમેરિકન નોકરીઓ છીનવાઈ જવાની શક્યતાઓ અંગેની ચિંતાઓ વચ્ચે આવ્યું છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

H-1B વિઝા ફીને લઈને ચાલી રહેલા વિવાદના સંદર્ભમાં, વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કૅરોલિન લેવિટે એક મહત્ત્વનું નિવેદન આપ્યું છે. લેવિટે જણાવ્યું કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકામાં વિદેશી રોકાણને પ્રોત્સાહિત કરવાની સાથે સ્થાનિક નોકરીઓની સુરક્ષા કરવા માટે કટિબદ્ધ છે.

આ નિવેદન, H-1B વિઝાની વધતી જતી ચકાસણી અને વિદેશી શ્રમિકોના કારણે મુખ્ય ઉદ્યોગોમાં અમેરિકન નોકરીઓ છીનવાઈ જવાની શક્યતાઓ અંગેની ચિંતાઓ વચ્ચે આવ્યું છે.

લેવિટે માહિતી આપી હતી કે ટ્રમ્પે વિદેશી કંપનીઓને અમેરિકામાં સીધું રોકાણ કરવા માટે આદેશ આપ્યો છે. ટ્રમ્પે આ વિદેશી કંપનીઓને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, 'જો તમે અહીં રોકાણ કરો છો અને વ્યવસાય કરવા માંગો છો, તો નોકરીઓ તમારે અમેરિકન લોકોને જ આપવી પડશે.'

મીડિયા સાથેની વાતચીતમાં કૅરોલિન લેવિટે ભારપૂર્વક કહ્યું કે, 'ટ્રમ્પ અમેરિકન કર્મચારીઓની જગ્યાએ વિદેશીઓને રાખવાના પક્ષમાં નથી. તેમની ઈચ્છા છે કે અમેરિકન મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગ પહેલાં કરતાં વધુ સારો વિકાસ કરે. તેમણે સમજાવ્યું કે આ નીતિ એ જ વ્યાપક વ્યૂહરચનાનો ભાગ છે, જેના દ્વારા પ્રમુખ અસરકારક રીતે ટેરિફનો ઉપયોગ કરીને અને વૈશ્વિક સ્તરે સારા વેપાર સોદાઓ કરીને કામ કરી રહ્યા છે.'H-1B વિઝા સંબંધિત ચિંતાઓ પર બોલતા કૅરોલિન લેવિટે કહ્યું કે, 'H-1B વિઝાના મુદ્દે ડોનાલ્ડ ટ્રમ્પનો અભિપ્રાય 'સૂક્ષ્મ અને વ્યવહારુ' છે. તેમણે સમજાવ્યું કે જો વિદેશી કંપનીઓ અમેરિકામાં કરોડોનું રોકાણ કરીને બેટરી જેવા ઉત્પાદનો માટે વિદેશી કામદારોને લાવી રહી છે, તો ટ્રમ્પની ઈચ્છા છે કે તે કારખાનાઓ ઝડપથી ચાલુ થાય.

જોકે, તેમણે સ્પષ્ટપણે ભાર મૂક્યો કે ટ્રમ્પ આ નોકરીઓમાં આખરે અમેરિકન લોકોને જ પ્રાથમિકતા આપવા માંગે છે.' આ સાથે, ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં H-1B વિઝા યોજનાનો બચાવ કરતા જણાવ્યું હતું કે, તેમને તેમના રૂઢિચુસ્ત મિત્રો અને મેક અમેરિકા ગ્રેટ અમેરિકા(MAGA) સમર્થકો પ્રત્યે પ્રેમ છે. તેમ છતાં, તેમણે સ્વીકાર્યું હતું કે અમેરિકાને વિદેશી કુશળ કામદારોની જરૂર છે.૨૦ નવેમ્બરના રોજ યુએસ-સાઉદી ઈન્વેસ્ટમેન્ટ ફોરમમાં ટ્રમ્પે તેમના સમર્થકો તરફથી થઈ રહેલી ટીકાઓનો જવાબ આપ્યો હતો. તેમણે તર્ક આપ્યો હતો કે જે કંપનીઓ અદ્યતન ટેક્નૉલોજીમાં મોટું રોકાણ કરી રહી છે, તે ફક્ત એક કમ્પ્યુટર ચિપ ફેક્ટરી ખોલીને તરત જ બેરોજગારોની લાઈનમાંથી લોકોને નોકરીઓ આપી શકતી નથી. તેમણે ભારપૂર્વક કહ્યું કે વિદેશી નિષ્ણાતોને પરત જતાં પહેલાં અમેરિકન કર્મચારીઓને તાલીમ આપવાની જરૂર છે.

---

### સાંસદનો કેન્દ્ર સરકારને પત્ર

## દેશમાં શેકેલા ચણાની ચમક વધારવા માટે ઝેરી કેમિકલના ઉપયોગ

**કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જેપી નડ્ડા અને ભારતના કેન્દ્રીય ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાનને પત્ર લખ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

દેશમાં શેકેલા ચણાની ચમક વધારવા માટે ઝેરી કેમિકલના ઉપયોગનો ગંભીર મામલો સામે આવતાં રાજકીય ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. આ બાબતે રાજ્યસભાના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ તાત્કાલિક પગલાં લેવાની માંગ સાથે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જેપી નડ્ડા અને ભારતના કેન્દ્રીય ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાનને પત્ર લખ્યો છે. સાંસદે આ ગંભીર ખતરા પર તાત્કાલિક તપાસ અને સખત કાર્યવાહીની માંગણી કરી છે.શિવસેના(UBT)ના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ એક રિપોર્ટનો હવાલો આપીને પોતાના પત્રમાં જણાવ્યું કે, 'તાજેતરના પુરાવાઓ મુજબ કપડાં અને ચામડા રંગવા માટે વપરાતી 'ઓરામાઈન' નામની ઔદ્યોગિક ડાઈ શેકેલા ચણાની ચમક વધારવા માટે ગેરકાયદેસર રીતે ભેળવવામાં આવી રહી છે.'તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, 'આ પ્રવૃત્તિ માત્ર ફૂડ સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન જ નથી કરતી, પરંતુ તે લાખો ભારતીય નાગરિકોના સ્વાસ્થ્ય, સુરક્ષા અને વિશ્વાસ માટે મોટો ખતરો છે, જે FSSAIની નિયમનકારી દેખરેખની નિષ્ફળતા સ્પષ્ટપણે દર્શાવે છે.'

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઍક્ટ, ૨૦૦૬(FSSAI) દ્વારા ઓરામાઈન ડાઈ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશનની કેન્સર સંશોધન એજન્સીએ પણ તેને કેન્સર પેદા કરી શકે તેવો સંભવિત પદાર્થ ગણાવ્યો છે. આ કેમિકલ લીવર, કિડની અને મૂત્રાશયના કેન્સર ઉપરાંત મગજ અને ચેતાતંત્રને પણ નુકસાન પહોંચાડી શકે છે.સાંસદે પત્રમાં ભારપૂર્વક જણાવ્યું છે કે, આટલા ગંભીર જોખમો અને કાયદાકીય પ્રતિબંધ હોવા છતાં, આ ભેળસેળની પ્રવૃત્તિઓ ખુલ્લેઆમ ચાલુ છે. તેનું મુખ્ય કારણ બજાર પર નબળી દેખરેખ, નિયમિત ટેસ્ટિંગનો અભાવ, જાહેર જનતાને ચેતવણી આપવામાં વિલંબ અને કાયદાના અમલની ખામીભરી રીત છે. પાલનની તપાસ પણ પૂરતી નથી અને આ ભૂલો માટે કોઈની જવાબદારી નક્કી કરવામાં આવતી નથી. પરિણામે, આ ખામીઓના કારણે આ જોખમી અને ગેરકાયદેસર પ્રથા કોઈપણ તપાસ કે પરિણામ વિના ચાલુ રહી છે. પ્રિયંકા ચતુર્વેદીએ ખાદ્ય સુરક્ષા નિયામક FSSAIની દેખરેખ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે, 'શેકેલા ચણામાં થયેલી આ ભેળસેળની ઘટના FSSAIની નિયમનકારી દેખરેખમાં મોટી નિષ્ફળતા દર્શાવે છે.' સાંસદે ભૂતકાળમાં ભેળસેળયુક્ત 'કફ સિરપ'ને કારણે થયેલા મૃત્યુનો ઉલ્લેખ કરીને કેન્દ્ર સરકારને લોકોના સ્વાસ્થ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા વિનંતી કરી છે. તેમણે માંગણી કરી છે કે આ સમગ્ર મામલાની તાત્કાલિક તપાસ કરવામાં આવે અને દોષિતો સામે સખતમાં સખત કાર્યવાહી કરવામાં આવે.

ઓરામાઈન એક ઔદ્યોગિક ડાઈ છે જેનો ઉપયોગ સામાન્ય રીતે કપડાં અને ચામડા(લેધર)ને રંગવા માટે થાય છે. તે માનવ વપરાશ માટે અત્યંત હાનિકારક છે.

---

### ખોસ્ત ઉપરાંત કુનર-પક્તિકામાં પણ એરસ્ટ્રાઈકનો દાવો

## અફઘાનિસ્તાન પર પાકિસ્તાનની ફરી એરસ્ટ્રાઈક! ૯ બાળકો સહિત ૧૦ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અફઘાનિસ્તાન

અફઘાનિસ્તાનના ખોસ્ત પ્રાંતમાં પાકિસ્તાની સેના દ્વારા કરાયેલી કાર્યવાહીના પરિણામે સરહદ પર તણાવ ફરી વધ્યો છે. અફઘાન તાલિબાનના પ્રવક્તા જબિહુલ્લાહ મુજાહિદે માહિતી આપી હતી કે મોડી રાત્રે પાકિસ્તાની સેનાના હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૯ બાળકો અને ૧ મહિલા સહિત કુલ ૧૦ લોકોનાં મોત થયાં છે. મૃતકોમાં ૫ છોકરાઓ અને ૪ છોકરીઓનો સમાવેશ થાય છે. મુજાહિદના જણાવ્યા મુજબ, આ હુમલો રાત્રે ૧૨ વાગ્યે ગેરબઝવો જિલ્લામાં સ્થાનિક નિવાસી વિલાયત ખાનના ઘર પર કરવામાં આવ્યો હતો, જેના કારણે તેમનું આખું ઘર ધ્વસ્ત થઈ ગયું હતું. તાલિબાની નેતા જબિહુલ્લાહ મુજાહિદે દાવો કર્યો હતો કે પાકિસ્તાની સેનાએ ખોસ્ત સિવાય કુનર અને પક્તિકા પ્રાંતોમાં પણ હવાઈ હુમલા કર્યા હતા, જેના પરિણામે ૪ નાગરિકો ઘાયલ થયા છે. આ ઘટના સાથે સંબંધિત તસવીરો પણ તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર શેર કરી હતી, જેમાં ધ્વસ્ત થયેલા ઘરનો કાટમાળ અને મૃત બાળકોના મૃતદેહો સ્પષ્ટપણે દેખાય છે.આ ઘટના અંગે પાકિસ્તાનની સેના કે વિદેશ મંત્રાલય તરફથી હજી સુધી કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરાયું નથી. આ બૉમ્બમારો એવા સંજોગોમાં થયો છે જ્યારે એક દિવસ પહેલાં જ પાકિસ્તાનના પેશાવરમાં બે આત્મઘાતી હુમલા થયા હતા, જેમાં ત્રણ અર્ધસૈનિક કર્મચારીઓનાં મોત નીપજ્યાં હતાં. પાકિસ્તાની અધિકારીઓએ આ હુમલાઓ માટે અફઘાન સરહદની અંદર છુપાયેલા હોવાનો આરોપ મૂકાયેલા આતંકવાદી તત્વોને જવાબદાર ગણાવ્યા હતા.

છેલ્લા કેટલાક મહિનાઓમાં બંને દેશો વચ્ચેનો તણાવ સતત વધ્યો છે. ઓક્ટોબરમાં પાકિસ્તાની અને અફઘાન સૈનિકો વચ્ચે થયેલી અથડામણોમાં ડઝનબંધ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાં તાલિબાનની સત્તા વાપસી પછી આ સંઘર્ષને સૌથી ગંભીર માનવામાં આવ્યો હતો. જોકે, ત્યારબાદ દોહામાં બંને પક્ષો દ્વારા યુદ્ધવિરામ (સીઝફાયર) કરાર થયો હતો, પરંતુ તૂર્કિયેમાં આયોજિત શાંતિ વાર્તા કોઈ કાયમી ઉકેલ લાવ્યા વિના સમાપ્ત થઈ ગઈ હતી.આ તણાવનું મુખ્ય કારણ પાકિસ્તાનની તે અપેક્ષા માનવામાં આવે છે, જેમાં તેણે અફઘાનિસ્તાનમાં સક્રિય પાકિસ્તાન-વિરોધી સંગઠનો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.ખોસ્તમાં થયેલા આ તાજેતરના બૉમ્બમારાથી આ વિસ્તારમાં વસતા નાગરિકોની સુરક્ષા અંગે ગંભીર ચિંતા જન્મી છે. સ્થાનિક પ્રશાસને ખાતરી આપી છે કે હૉસ્પિટલમાં દાખલ ઘાયલોની હાલત સ્થિર છે, તેમ છતાં સરહદી વિસ્તારમાં તણાવ વધવાની શક્યતા હજી પણ યથાવત્ છે.

---

### સુપ્રીમ કોર્ટે કાયદાના દુરૂપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી

## દરેક બ્રેકઅપને દુષ્કર્મ ન કહેશો, સુપ્રીમ કોર્ટે

**હકીકતમાં યૌન હિંસા અથવા જબરદસ્તી કરવામાં આવી હોય ફક્ત એવા જ કેસમાં આવો આરોપ લગાવેલો હોવો જોઈએ**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે દુષ્કર્મના એક કેસમાં કાયદાને લઈને ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, દરેક અસફળ અથવા ખરાબ સંબંધને દુષ્કર્મનું નામ આપવું ગુનાની ગંભીરતાને ઓછી કરી દે છે. દુષ્કર્મનો આરોપ એ સૌથી ગંભીર પ્રકારનો ગુનો છે. જ્યાં હકીકતમાં યૌન હિંસા અથવા જબરદસ્તી કરવામાં આવી હોય ફક્ત એવા જ કેસમાં આવો આરોપ લગાવેલો હોવો જોઈએ. જસ્ટિસ બી.વી નાગરત્ના અને જસ્ટિસ આર. મહાદેવનની ખંડપીઠે સોમવારે (૨૫ નવેમ્બર) એક કેસની સુનાવણી કરતા આ ટિપ્પણી કરી હતી. મહારાષ્ટ્રના એક વકીલ પર દુષ્કર્મ અને ગુનાઈત ધમકીનો આરોપ લગાવતી FIR અને ચાર્જશીટને કોર્ટે નકારી દીધી છે. હકીકતમાં, ફરિયાદી મહિલાએ શરૂઆતમાં ભરણપોષણના એક મામલે કાયદાકીય મદદ માટે વકીલનો સંપર્ક કર્યો હતો અને



બાદમાં તે કથિત રૂપે લાંબા સમય સુધી વકીલની સાથે સંબંધોમાં રહી હતી. બાદમાં તેણે વકીલ ઉપર દુષ્કર્મ અને ગુનાઈત ધમકીનો આરોપ લગાવ્યો હતો. કોર્ટે આ કેસમાં કહ્યું કે, દુષ્કર્મનો ગુનો સૌથી ગંભીર પ્રકારનો ગુનો છે. આ ફક્ત એવા જ મામલે લગાવવો જોઈએ, જ્યાં હકીકતમાં યૌન હિંસા, બળજબરી અથવા સ્વતંત્ર સંમતિની કમી હોય. દરેક ખરાબ સંબંધને દુષ્કર્મના ગુનામાં બદલવો ન ફક્ત ગુનાઈત ગંભીરતાને ઓછી કરે છે. પરંતુ, આરોપી પર ક્યારેય દૂર ન થાય એવું કલંક અને ગંભીર અન્યાય પણ થોપે છે. ન્યાયતંત્ર કાયદાના આવા દુરૂપયોગ પર ગંભીર ચિંતા વ્યક્ત કરે છે. આ સાથે જ કોર્ટે બોમ્બે હાઈકોર્ટના એ આદેશને પણ રદ કરી દીધો, જેમાં કાર્યવાહીને રદ કરવાનો ઈનકાર કરી દેવાયો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, રેકોર્ડ પર હાજર પુરાવા સ્પષ્ટપણે સંમતિથી બનેલા સંબંધ તરફ ઈશારો કરે છે, જે બાદમાં કડવાશમાં બદલાઈ ગયા હતા.

મહિલા (ફરિયાદી) પોતે પુખ્ત વયની છે, શિક્ષિત છે, પોતાની ઈચ્છાથી વકીલના સંપર્કમાં રહી હતી, તે અવાર-નવાર વકીલને મળતી રહી અને ત્રણ વર્ષ સુધી તેની સાથે ગાઢ ભાવનાત્મ રૂપે જોડાયેલી હતી. આ નિર્ણયમાં કોર્ટે સ્વીકાર્યું કે, ભારતીય સમાજમાં મહિલાઓ અવાર-નવાર લગ્નના વચન પર સંબંધ માટે સંમતિ આપે છે અને જો તે વચન ફક્ત તેનું શોષણ કરવા કે ખરાબ નિયત સાથે આપવામાં આવ્યું હોય, તો આવી સંમતિ અમાન્ય હોય શકે છે.

---

### ફ્લાઈટ સેવાઓ પર માઠી અસર: અમદાવાદમાં ઈમરજન્સી લેન્ડિંગ

## ઈથોપિયામાં જ્વાળામુખી ફાટતા ભારત સુધી પહોંચ્યો ખતરો!

**ભારતના નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય એ બધી એરલાઈન્સને એક એડવાઈઝરી જાહેર કરી જેમાં તેમને ઊંચાઈ પર અને જ્વાળામુખીની રાખ ફેલાતી હોય તેવા વિસ્તારો પર ઉડાન ટાળવાની સલાહ આપવામાં આવી**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈથોપિયામાં સેંકડો વર્ષોથી શાંત પડેલો 'હેલી ગુબ્બી' જ્વાળામુખી રવિવારે અચાનક સક્રિય થતા વૈશ્વિક હવાઈ વ્યવહાર પર સંકટના વાદળો ઘેરાયા છે. જ્વાળામુખીમાંથી નીકળેલી રાખ અને ધુમાડાની અસર હવે ભારતીય ઉડ્ડયન ક્ષેત્ર પર પણ વર્તાવા લાગી છે. આ રાખના કારણે કન્નુરથી અબુ ધાબી જઈ રહેલી ઈન્ડિગોની એક ફ્લાઈટને અધવચ્ચેથી ડાયવર્ટ કરીને અમદાવાદ એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતારવી પડી હતી. હવામાન નિષ્ણાતોના મતે, જ્વાળામુખીની રાખ ગુજરાત થઈને દિલ્હી-NCR અને પંજાબ સુધી પહોંચી શકે છે, જેના કારણે આગામી કલાકોમાં વધુ ફ્લાઈટ્સ પ્રભાવિત થવાની શક્યતા છે.ઈથોપિયામાં થયેલા પ્રચંડ વિસ્ફોટને કારણે આકાશમાં રાખના ગોટેગોટા છવાયા છે, જે વિમાનના એન્જિન માટે અત્યંત જોખમી હોય છે. આ પરિસ્થિતિને કારણે ભારતથી ખાડી દેશો તરફ જતી ફ્લાઈટ્સ પર સીધી અસર પડી છે. કન્નુરથી અબુ ધાબી જતી ઈન્ડિગોની ફ્લાઈટના રૂટમાં રાખના વાદળો આવતા તેને તાત્કાલિક ડાયવર્ટ કરવામાં આવી હતી અને બાદમાં અમદાવાદ એરપોર્ટ પર તેનું સુરક્ષિત લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. અહેવાલો મુજબ, સુરક્ષાના કારણોસર અન્ય ઘણી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પણ રદ કરવી પડી છે.

હવામાનના મોડલ મુજબ, ઈથોપિયાથી ઉડેલી આ ગાઢ રાખ સોમવારે રાત સુધીમાં ઉત્તર-પશ્ચિમ ભારતના વાતાવરણમાં પ્રવેશે તેવી શક્યતા છે. પવનની દિશા મુજબ, આ પ્રદૂષિત વાદળો સૌથી પહેલા ગુજરાતમાં પ્રવેશ કરશે અને ત્યારબાદ રાજસ્થાન, દિલ્હી-હ્રઝઈ અને પંજાબ તરફ આગળ વધશે. જમીનથી આશરે ૧૦ થી ૧૫ કિલોમીટરની ઊંચાઈએ સલ્ફર ડાયોક્સાઈડ અને બારીક પથ્થરોની રજકણો વાળા વાદળો ફરી રહ્યા છે, જે એવિએશન ટર્બાઈન માટે મોટો ખતરો છે.રવિવારે સવારે ઈથોપિયાના અફાર પ્રદેશમાં આ જ્વાળામુખી ફાટ્યો હતો. ઈતિહાસમાં ક્યારેય સક્રિય ન હોવાનો રેકોર્ડ ધરાવતો આ જ્વાળામુખી અચાનક જાગી ઉઠતા સ્થાનિકો અને વૈજ્ઞાનિકો પણ ચોંકી ગયા છે. નજીકનું આફડેરા ગામ સંપૂર્ણપણે રાખના થર નીચે દટાઈ ગયું છે. જોકે, સદનસીબે કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ સ્થાનિક પશુપાલકોને મોટું આર્થિક નુકસાન વેઠવું પડ્યું છે.

---

## પંજાબમાં બોલ્યા કેજરીવાલ: અમે પૈસા કમાવા માટે સત્તામાં નથી આવ્યા, અમે પુણ્ય કમાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)પંજાબ

પંજાબના મુખ્યમંત્રી ભગવંત સિંહ માન અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે મંગળવારે ગુરુદ્વારા બાબા બુઢા દળ છાવણી ખાતે આયોજિત વિશેષ ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ દરમિયાન કેજરીવાલે તેમની સરકારની ઈમાનદારી અને કાર્યશૈલી પર ખુલ્લેઆમ વાત કરી હતી.કેજરીવાલે સંબોધતા જણાવ્યું કે, 'અમે સંપૂર્ણ ઈમાનદારીથી સરકાર ચલાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. લોકો અમને વારંવાર પૂછે છે કે, પંજાબ સરકારને આટલા પૈસા ક્યાંથી મળી રહ્યા છે? અમે આટલી મોટી વ્યવસ્થા કેવી રીતે કરી? પંજાબ સરકાર આટલું કામ કેવી રીતે કરી રહી છે? આનું કારણ એ છે કે, અમે ગુરુ સાહેબના બતાવેલા રસ્તા પર ઈમાનદારીથી ચાલી રહ્યા છીએ.'તેણણે કહ્યું કે, 'મેં ચૂંટણી દરમિયાન વચન આપ્યું હતું કે, સરકારનો તમામ ખજાનો તમારા માટે ઉપયોગમાં લેવાશે. અમે સરકારનો એક-એક પૈસો જનતા પર ખર્ચ કર્યો છે. અમે પૈસા કમાવા માટે સત્તામાં નથી આવ્યા, અમે પુણ્ય કમાયા છે. જો અમે એક પૈસાની બેઈમાની કરી હોય, તો ગુરુ મહારાજ જે પણ સજા આપે તે અમને મંજૂર છે.'



## તંત્રી લેખ......

# એક સુંદર છબી ધરાવતો પ્રિય હીરો, ધર્મેન્દ્ર હંમેશા પ્રેક્ષકો સાથે રહ્યો છે

ધર્મેન્દ્ર હિન્દી સિનેમાના તે વિશાળ વ્યક્તિત્વનું નામ છે, જે શક્તિ અને સુંદરતાના મિશ્રણને મૂર્તિમંત કરીને લોકોના હૃદય અને મનમાં અમર થઈ ગયા છે. તેઓ માત્ર એક અભિનેતા નહોતા, પરંતુ ભારતીય જીવનની ભાવનાના મૂર્ત સ્વરૂપ હતા, જે એકસાથે માટીની સુગંધ, પ્રેમની હૂંફ અને સંઘર્ષની ગરિમાને શ્વાસ લેતા હતા. તેમની આંખો ગામડાના આકાશના વાદળી રંગને પ્રતિબિંબિત કરતી હતી. જ્યારે તેઓ રૂપેરી પડદે દેખાયા, ત્યારે પ્રેક્ષકો તેમને ફક્ત જોતા નહોતા, તેઓ તેમને પોતાની અંદર અનુભવતા હતા. આ જ કારણ છે કે તેઓ કાયમ માટે લોકપ્રિય રહ્યા. તેમના અભિનયને કોઈ ચોક્કસ યુગ સાથે જોડવો અશક્ય છે.

તેમણે ૧૯૬૦ ના દાયકાની પેઢીનું પ્રતિનિધિત્વ કર્યું, જેણે પરંપરા અને આધુનિકતા વચ્ચે સેતુ બનાવ્યો. તેઓ "શોલે" માં વીરુ જેટલા જ હતા જેટલા તેઓ "ચુપકે ચુપકે" માં રમૂજી શિક્ષક હતા. જ્યારે તેમની આંખો પીડાથી ભરાતી, ત્યારે પ્રેક્ષકો પોતાનું દુઃખ અનુભવી શકતા, અને જ્યારે તેઓ હસતા, ત્યારે એવું લાગતું કે જાણે આખું ગામ મેળામાં ઉતરી આવ્યું હોય. ધર્મેન્દ્રની અભિનય શૈલી કોઈપણ કૃત્રિમતાથી મુક્ત હતી. તેઓ દરેક ભૂમિકાને અનુરૂપ હતા અને છાપ છોડી ગયા. તેમનો ચહેરો ભારતીય પુરુષત્વનું પ્રતીક બની ગયો, પરંતુ તે પુરુષત્વ ઘમંડથી નહીં પરંતુ રક્ષણની કરુણાથી જન્મ્યું હતું. તેમણે હી-મેનનું બિરુદ મેળવ્યું કારણ કે તેઓ એક સાચા હીરોની છબી પર ખરા ઉતર્યા હતા. બીજા કોઈ હીરો પાસે તેમના જેવું સુંદર વ્યક્તિત્વ નહોતું. તેમનું સુંદર વ્યક્તિત્વ અને શિલ્પયુક્ત શરીર આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત થયું હતું, પરંતુ તેમને ક્યારેય તેના પર ગર્વ નહોતો.

ધર્મેન્દ્ર પંજાબની ધરતીથી ઉગ્યા હતા અને સમગ્ર ભારતમાં લોકોના હૃદય જીતી લીધા હતા. તેમણે તેમના ગામડાઓના ખેતરોથી મુંબઈની તેજસ્વી શેરીઓ સુધી મુસાફરી કરી, છતાં હૃદયથી, તેઓ એ જ સરળ ખેડૂત રહ્યા. સાદગી તેમની સૌથી મોટી સંપત્તિ હતી. તેમણે સિનેમાના દરેક સ્વરૂપને સ્પર્શ કર્યો - એક્શન, રોમાંસ, કોમેડી, દુર્ઘટના - પરંતુ દરેક જગ્યાએ તેઓ ધર્મેન્દ્ર રહ્યા. તેમણે અભિનયને સ્વ-અભિવ્યક્તિનું માધ્યમ બનાવ્યું, દેખાડાનું સાધન નહીં. તેથી, તેમની ફિલ્મોએ માત્ર મનોરંજન જ નહીં પણ જીવનનો સાર પણ શેર કર્યો. "અનુપમા" માં ઉદાસ પ્રેમીથી લઈને "સત્યકમ" માં આદર્શવાદી હીરો, "શોલે" માં વીરુથી લઈને "ચુપકે ચુપકે" માં રમૂજી શિક્ષક સુધી, ધર્મેન્દ્ર જીવનના દરેક રંગને જીવ્યા. "સત્યકમ" માં આદર્શો અને વાસ્તવિકતા વચ્ચે ફાટેલા માણસનું તેમનું ચિત્રણ ભારતીય સિનેમાના સૌથી સંવેદનશીલ પ્રદર્શનમાંનું એક છે. આ ફિલ્મ સારી ચાલી ન હતી, પરંતુ તેણે લોકો પર ઊંડી અસર છોડી. આ ફિલ્મમાં ધર્મેન્દ્રએ એક ફિલોસોફરનું પાત્ર ભજવ્યું હતું જે સમાજના બે પાસાઓ વચ્ચે સત્ય શોધે છે. તેમનું જીવન કોઈ ફિલ્મી વાર્તાથી ઓછું નથી. તેમના શરૂઆતના દિવસોમાં, તેમણે સંઘર્ષની ગરમી જોઈ હતી જે કોઈને પણ સળગાવી શકે છે, પરંતુ તેમણે તેને તપસ્યામાં પરિવર્તિત કરી. જેમ ઝાડના મૂળ ઊંડા જાય છે અને તેને સ્થિરતા આપે છે, તેમ ધર્મેન્દ્રના આંતરિક મૂલ્યોએ સ્થિરતા પ્રદાન કરી. તેમણે ક્યારેય સફળતાને પોતાના માથા પર જવા દીધી નહીં, કે નિષ્ફળતા તેમના મન પર ભાર મૂક્યો નહીં. તેમની રોમેન્ટિક ભૂમિકાઓમાં કાયમી સંવેદનશીલતા હતી. સમય જતાં તેમનો ચહેરો વૃદ્ધ થઈ ગયો હશે, પરંતુ તેની આભા ક્યારેય ઝાંખી પડી ન હતી. તે ચહેરા પર ખેડૂતનો થાક અને કવિનો તેજ હતો. તેઓ તેમના સમયના એવા થોડા કલાકારોમાંના એક હતા જેમણે અભિનયને માનવ નૈતિકતા સાથે જોડ્યો હતો. તેમને હિંસા વચ્ચે પણ પ્રેમ મળ્યો અને પ્રેમની વચ્ચે પણ સંયમ જાળવી રાખ્યો. સમય જતાં સિનેમેટિક મૂલ્યો બદલાતા ગયા, ધર્મેન્દ્રએ પાછળ હટીને અવલોકન કરવાનું પસંદ કર્યું. તેઓ ધીમે ધીમે પડદા પરથી ઝાંખા પડી ગયા હશે, પરંતુ તેઓ પ્રેક્ષકોની અંદર રહ્યા. આજે, જ્યારે આપણે ધર્મેન્દ્રને યાદ કરીએ છીએ, ત્યારે તે ફક્ત એક પ્રિય હીરોને યાદ કરવાનો નથી, પરંતુ એક યુગને યાદ કરવાનો છે જે પ્રામાણિકતા સાથે લાગણીઓને જીવતો હતો.

# ઈથિયોપિયાના જ્વાળામુખીના કારણે વિશ્વમાં થશે હિમયુગની શરૂઆત?

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈથિયોપિયા

ઈથિયોપિયામાં લગભગ ૧૦ હજાર વર્ષના લાંબા ગાળા પછી હાયલી ગુબ્બી જ્વાળામુખી ફાટતાં વૈશ્વિક સ્તરે તેની અસર જોવા મળી રહી છે. આ વિસ્ફોટમાંથી નીકળેલી રાખ અને ઝેરી વાયુઓ હજારો કિલોમીટર દૂર સુધી પહોંચી ગઈ છે, જેના કારણે ભારત સહિત અનેક દેશોમાં હવાઈ ઉડ્ડયન પ્રભાવિત થયું છે. આ ઘટનાએ એક મોટી ચર્ચા જગાવી છે કે, જ્યારે એક સામાન્ય જ્વાળામુખીની અસર આટલી વ્યાપક હોય, તો સુપર વૉલ્કેનિક ઈરપ્શન (મહાજ્વાળામુખી વિસ્ફોટ)ની સ્થિતિમાં દુનિયા પર શું અસર થઈ શકે? જ્વાળામુખીમાંથી નીકળેલા રાખ અને વાયુઓનું જાડું સ્તર ધરતી અને આકાશ વચ્ચે આવતાં તાપમાન નીચે જવા લાગે છે અને ઘણી વખત બેમોસમી ઠંડી પણ પડવા લાગે છે.

જ્વાળામુખીના ઈતિહાસમાં લગભગ બે સદી પહેલાં બનેલી એક ઘટનાને આજે પણ સૌથી રહસ્યમયી ગણવામાં આવે છે. ૧૯મી સદીની શરૂઆતથી ઘણા વર્ષો સુધી ઈન્ડોનેશિયાના માઉન્ટ ટેમ્બોરામાં સતત થયેલા વિસ્ફોટોને 'મિસ્ટ્રી ઈરપ્શન' (રહસ્યમય વિસ્ફોટ) નામ આપવામાં આવ્યું છે, કારણ કે આ ધમાકાઓ વિશે વૈજ્ઞાનિક રેકોર્ડ, પ્રત્યક્ષદર્શીઓના અહેવાલો અને સ્થાનિક દસ્તાવેજો અત્યંત મર્યાદિત છે. તે સમયે ટેક્નૉલોજીનો ઓછો વિકાસ હોવાથી ઘટનાની ગંભીરતા પૂરેપૂરી સમજી શકાઈ નહોતી. ટેમ્બોરામાં સતત વિસ્ફોટ થવાથી હવામાં રાખ અને સલ્ફેટ એરોસોલનો જંગી જથ્થો જમા થઈ ગયો, જેના પરિણામે સૂર્યનાં કિરણો પૃથ્વી સુધી પહોંચી શક્યાં નહીં. આના કારણે વૈશ્વિક તાપમાનમાં નજીવો નહીં, પરંતુ પૂરા ૧.૭ ડીગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો હતો, જે ખૂબ જ મોટી અસર હતી.

આ ઘટાડાની અસર સમગ્ર વિશ્વમાં દેખાઈ: યુરોપ અને ઉત્તર અમેરિકામાં આખા એક વર્ષ સુધી ગરમી આવી જ નહીં, ભારે હિમવર્ષા થઈ અને પાકનો લગભગ નાશ થયો. એશિયામાં પણ ચોમાસાની પેટર્ન ખોરવાઈ જતાં અનાજનું ગંભીર સંકટ છવાઈ ગયું હતું. વર્ષ ૧૮૮૩માં ઈન્ડોનેશિયામાં થયેલો ક્રાકાટોઆ જ્વાળામુખીનો વિસ્ફોટ પણ ટેમ્બોરા જેવી જ વિનાશક અસર ધરાવતો હતો. આ ધમાકો એટલો જબરદસ્ત હતો કે તેનો અવાજ સેંકડો કિલોમીટર દૂર સુધી સંભળાયો હતો. વિસ્ફોટ દરમિયાન જ્વાળામુખીમાંથી રાખ, ધૂળ અને સલ્ફેટ વાયુઓની ભારે માત્રા નીકળીને સમગ્ર વાતાવરણમાં ફેલાઈ ગઈ હતી. આના કારણે ચારે બાજુ એક પ્રકારનું ઝાંખું અને ચમકતું પડ રચાયું હતું.આ પડ સૂર્યના પ્રકાશને સીધો ધરતી સુધી પહોંચતા રોકવા લાગ્યું, જેના પરિણામે તે સમયે વૈશ્વિક તાપમાનમાં લગભગ ૧.૨ ડીગ્રી સેલ્સિયસ જેટલો નોંધપાત્ર ઘટાડો આવ્યો હતો. આ ઘટનાએ વૈજ્ઞાનિકોને જ્વાળામુખીની વૈશ્વિક આબોહવા પર થતી અસર સમજવામાં મદદ કરી.

સામાન્ય રીતે એવું લાગે કે જ્વાળામુખી વિસ્ફોટથી ધરતીનું તાપમાન વધવું જોઈએ, પરંતુ તેનાથી વિપરીત અસર થાય છે અને પૃથ્વીનું તાપમાન ઘટે છે. આ ઘટના પાછળ એક રસપ્રદ વૈજ્ઞાનિક પ્રક્રિયા કામ કરે છે. ખરેખર, વિસ્ફોટ દરમિયાન ભારે માત્રામાં રાખ, ધૂળ અને વિવિધ વાયુઓ ઉપલા વાતાવરણ, એટલે કે સ્ટ્રેટોસ્ફિયર સુધી પહોંચે છે. સ્ટ્રેટોસ્ફિયરમાં આ કણો એક જાડું પડ તૈયાર કરે છે, જે કુદરતી છત્રી (અમ્બ્રેલા)ની જેમ કામ કરે છે. સૂર્યમાંથી આવતી ગરમી અને પ્રકાશ આ પડ સાથે ટકરાઈને સીધા પૃથ્વી પર પહોંચવાને બદલે અવકાશમાં પાછા પરાવર્તિત થાય છે.આ ઉપરાંત, જ્વાળામુખીમાંથી નીકળતો સલ્ફર ડાયોક્સાઈડ વાયુ ઉપર જઈને સલ્ફેટ એરોસોલ બનાવે છે. આ એરોસોલ સૂર્યનાં કિરણોને વધુ અસરકારક રીતે અવરોધે છે. આ પ્રક્રિયાને કારણે પૃથ્વી પર ઓછી સૌર ઊર્જા પહોંચે છે, જેનાથી તાપમાનમાં ઘટાડો થાય છે અને ઠંડક ઘણા મહિનાઓથી લઈને બે-ત્રણ વર્ષ સુધી જળવાઈ રહી શકે છે.

## રાજકોટમાં વોલીબોલ રમતા ધો.૧૨ના છાત્રનું બેભાન થઈ ગયા બાદ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટના ક્રિસ્ટલ મોલ પાછળ રહેતા એક કારખાનેદાર પરિવારના ૧૮ વર્ષના એકના એક પુત્રનું વોલીબોલ રમતી વખતે અચાનક બેભાન થઈ ગયા બાદ મોત થયું છે. તેને હાર્ટ એટેક આવ્યાનું અનુમાન લગાવાય છે.એસએનકે સ્કૂલમાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતો આદિત્ય અલ્કેશભાઈ વાછાણી-પટેલ રમતગમતમાં ખૂબ સક્રિય હતો. યુવાન આદિત્ય વાછાણી (ઉંમર ૧૮) રવિવારે સાંજે તેના મિત્રો સાથે એસએનકે સ્કૂલના ગ્રાઉન્ડમાં વોલીબોલ રમવા ગયો હતો. આ દરમિયાન, તે અચાનક ઢળી પડ્યો અને બેભાન થઈ ગયો હતો. તેને તાત્કાલિક શાંતિ મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું. મૃત્યુના સમાચાર મળતા જ આદિત્યના કુટુંબીજનો, શાળાના શિક્ષકો સહિતના લોકો હોસ્પિટલ પહોંચી ગયા હતા, જ્યાં ગમગીની છવાઈ ગઈ હતી. આદિત્ય તેના માતા-પિતા, આકાશભાઈ (અલ્કેશભાઈ) અને દેવકીબેન વાછાણીનો એકનો એક પુત્ર હતો.સગા-સંબંધીઓના જણાવ્યા અનુસાર, આદિત્ય ભણવામાં હોશિયાર હતો અને શારીરિક રીતે સ્વસ્થ હતો. તેને કોઈ તકલીફ નહોતી અને સ્પોર્ટ્સમાં ખૂબ જ રસ હતો.






# રાજકોટમાં અંધશ્રદ્ધાના માંડવામાં છ જેટલાં પશુઓની બલિ ચડાવાઈ , ૯ પશુઓને બચાવાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટમાં અંધશ્રદ્ધાનો એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. ગ્રીનલેન્ડ ચોકડી પાસે પીટીસી ગ્રાઉન્ડમાં ચૌહાણ પરિવાર દ્વારા પુત્રની બીમારી દૂર કરવા માટે માતાજીના માંડવાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પશુઓની બલિ ચડાવવામાં આવી રહી હતી. આ અંગે જીવદયા ફાઉન્ડેશનને જાણ થતાં તેમની ટીમે પોલીસને સાથે રાખીને દરોડો પાડ્યો હતો.પોલીસ અને જીવદયાની ટીમ ઘટનાસ્થળે પહોંચે તે પહેલા જ આયોજકો દ્વારા છ પશુઓની બલિ ચડાવી દેવામાં આવી હતી. જોકે, દરોડા દરમિયાન અન્ય નવ પશુઓને બચાવી લેવામાં આવ્યા હતા.

પોલીસ આવતાં જ માંડવના આયોજકો અરવિંદ ચૌહાણ, રાહુલ ચૌહાણ અને પરબત ચૌહાણ સહિતના લોકો નાસી છૂટ્યા હતા.પ્રાથમિક વિગતો અનુસાર, માંડવા માટે કુલ ૧૫ પશુઓ બલિ ચડાવવા માટે લાવવામાં આવ્યા હતા. પુત્ર સતત બીમાર રહેતો હોવાથી પરિવારે માતાજીના માનતાના ભાગરૂપે આ પશુબલિનું આયોજન કર્યું હતું.જીવદયા ફાઉન્ડેશનના કેતન સંઘવી અને ટીમે થોરાળા તેમજ આજીડેમ પોલીસને જાણ કર્યા બાદ સંયુક્ત કાર્યવાહી કરવામાં આવી હતી.પોલીસે બચાવેલા ૯ પશુઓને પાંજરાપોળને સોંપ્યા છે. આ સમગ્ર ઘટનાથી પશુપ્રેમીઓમાં રોષ ફેલાયો છે અને જીવદયા ફાઉન્ડેશન દ્વારા થોરાળા પોલીસ મથકમાં આયોજકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# લગ્નની સીઝનમાં સીંગતેલના ભાવમાં ભડકો: મગફળીની મબલખ આવક છતાં ૧૫ દિવસમાં રૂ. ૨૧૦ વધ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર




સૌરાષ્ટ્રના વિવિધ માર્કેટયાર્ડોમાં મગફળીની મબલખ આવક ચાલુ હોય તેવા સમયે સીંગતેલના બજારમાં અચાનક તેજીને કારણે ગ્રાહકો સહિત વેપારીઓમાં ચર્ચાનો વિષય બન્યો છે. છેલ્લા ૧૫ દિવસમાં સીંગતેલના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. લગ્નની સીઝન તેમજ વર્ષભર ચાલતી સીંગતેલની માંગ વચ્ચે બજારમાં અચાનક માંગ વધતા ભાવ વધ્યો છે. માર્કેટયાર્ડમાં મગફળીના ભાવ પ્રતિમણ આશરે ૨૦૦ રૂપીયા જેટલા વધ્યા છે જયારે તેલના બજારમાં તો ભાવમાં સીધો ૨૧૦ રૂપીયાનો ઉછાળો આવ્યો છે. ૧૫ દિવસ પહેલા ૧૫ કિલો સીંગતેલ ડબ્બાનો ભાવ ૨૪૧૫ રૂપીયા હતો. જયારે ગઈ કાલે જ એ જ ડબ્બો વધીને ૨૬૨૫ રૂપીયે વેચાયો હતો, લગ્ન પ્રસંગોને કારણે સીંગતેલની માંગ વધી હોવાના કારણે બજારમાં આ તેજી હોવાની વેપારીઓનુ માનવુ છે. તો બીજી તરફ મગફળીની કિંમતોમાં વધારો થતા તેલ મીલરો દ્વારા પણ ભાવ વધારાનો દોર ચાલુ રાખવામાં આવ્યો છે. ઓર્ગેનીક અને ધાણી પધ્ધતિથી બનેલા સીંગતેલની તો હાલ બજારમાં ભારે માંગ છે. ગુણવત્તાની અસર અને મર્યાદીત ઉત્પાદનને કારણે આ કેટેગરીના ડબ્બાના ભાવ ૩ હજાર રૂપીયા પહોચ્યા છે. ગ્રાહકો માટે આ વધેલા ભાવ ચિંતાજનક બન્યા છે. તો વેપારીઓ આગામી દિવસોમાં ભાવ વધુ સમતોલ થવાની આશા રાખી રહ્યા છે. આ બધાની વચ્ચે મગફળીના નવા પાકનો જથ્થો બજારમાં વધુ પ્રમાણમાં આવશે તો ભાવમાં થોડો ઘટાડો થઈ શકે છે. તેવા અંદાજો વ્યાપક રીતે વ્યકત થઈ રહ્યા છે. હાલ માટે સૌરાષ્ટ્રમાં સીંગતેલ બજારમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે.

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

युवा कार्यक्रम एवं खेल मंत्रालय MINISTRY OF YOUTH AFFAIRS AND SPORTS

ગુજરાત સરકાર

"હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી"



ચાલો, એકતાનો સંદેશ પ્રસરાવીએ - રાષ્ટ્રના ઉત્કર્ષ માટે સમર્પિત થઈએ

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતીના અવસરે આયોજિત

સરદાર@150

# યુનિટી માર્ચ

એક ભારત, આત્મનિર્ભર ભારત

રાષ્ટ્રીય પદયાત્રા પ્રસ્થાન સમારોહ

**26 નવેમ્બર 2025, બુધવાર**
**સવારે 09:00 વાગે**

શાસ્ત્રી મેદાન, વલ્લભ વિદ્યાનગર, જિ. આણંદ

:: વર્ચ્યુઅલ ઉપસ્થિતિ ::

**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન

:: મુખ્ય મહેમાન ::

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી માણિક સાહા**
માનનીય મુખ્યમંત્રી, ત્રિપુરા

:: વિશેષ ઉપસ્થિતિ ::

**ડૉ. મનસુખ માંડવિયા**
માનનીય કેન્દ્રીય મંત્રી, ભારત સરકાર

**શ્રીમતી નિમુબેન બાંભણીયા**
માનનીય કેન્દ્રીય રાજ્ય મંત્રી, ભારત સરકાર

**શ્રી જગદીશ વિશ્વકર્મા**
માનનીય ધારાસભ્ય, નિકોલ

**શ્રી જીતુભાઈ વાઘાણી**
માનનીય મંત્રી, ગુજરાત

## :: પદયાત્રાની મુખ્ય વિશેષતાઓ ::

સરદાર સાહેબના એકતા અને શિસ્તના મૂલ્યોને જન-જન સુધી પહોંચાડતી 182 કિમી લાંબી પદયાત્રા

દેશવ્યાપી જનસહભાગિતાથી સજ્જ રાષ્ટ્રીય પદયાત્રાનો આરંભ


યાત્રામાર્ગમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રદર્શન, સરદાર ગાથા અને ગ્રામસભા

યુવાનો, મહિલાઓ, વિદ્યાર્થીઓ તથા સમાજના દરેક વર્ગનું જોડાણ



"એકતા અને અખંડિતતાના આ પવિત્ર પર્વને આપણે સૌ સાથે મળીને સફળ બનાવીએ. 'યુનિટી માર્ચ' પદયાત્રા ઉત્સાહ, ઉમંગ અને દેશભક્તિની ઊર્જાની ત્રિવેણી બનશે"

\- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



:: વધુ માહિતી માટે ::

/SARDAR150YATRA SARDAR150.IN

## જિગ્નેશ મેવાણીના નિવેદન બાદ ડીજીપી નો નામ લીધા વિના જવાબઃ કહ્યું ડીપાર્ટમેન્ટ બહારના લોકો મારા ડીપાર્ટમેન્ટના કર્મચારીઓને કંઈ કહી જાય તો એ ટોલરેટ કરવાની જરૂર નથી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં હાલ પોલીસ અને જિગ્નેશ મેવાણી વચ્ચે જાણે વોર ચાલી રહી હોય તેવુ લાગી રહ્યુ છે, છેલ્લા કેટલાક સમયથી સતત શાબ્દીક પ્રહારો ચાલી રહ્યા છે.

થોડા દિવસ અગાઉ જિગ્નેશ મેવાણીએ પોલીસ સ્ટેશનમાં જ ઉભા રહી અને જાહેરમાં જ પોલીસ કર્મચારીઓ પર નિવેદન આપી દીધુ હતુ અને તેના જ કારણે પહેલા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અને ત્યારબાદ હવે ડીજીપી વિકાસ સહાયે જાહેર મંચ પર થી નામ લીધા વિના જિગ્નેશ મેવાણીને આડકતરી રીતે જવાબ આપી દીધો છે,

ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ આપેલા પોલીસ પરના નિવેદન બાદ હવે ડીજીપી વિકાસ સહાયે તેમનુ નામ લીધા વિના જ પ્રહાર કર્યા છે. કહી દીધુ છે કે જો કોઈ કર્મચારી કે અધિકારી ભુલ કરે તો તેમને સવાલ પુછવા અમે બેઠા છીએ, ડીપાર્ટમેન્ટના લોકો છે, પણ જો ડીપાર્ટમેન્ટની બહારની વ્યકિત મારા અધિકારી કે કર્મચારીને કંઈ કહી જાય તો એ ટોલરેટ કરવાની જરૂર નથી, આ ફોર્સના લીડર છો તો આ જોવાની તમારી જવાબદારી અને ફરજ બંને છે, કોંગ્રેસે વાવ થરાદ જિલ્લાના ઢીમા ગામથી જન આક્રોશ રેલીની શરૂઆત કરી છે.

આ દરમિયાન થરાદના શીવનગર ખાતે દારૂના દુષણને લઈ જિગ્નેશ મેવાણી લોકો સાથે થરાદ પોલીસ મથકે પહોચ્યા હતા અને થરાદ એસપી સહિતના પોલીસ સ્ટાફને પોલીસના પટ્ટા ઉતારી દેવાની વાત કરી હતી, જેમાં તેમણે કહ્યુ હતુ કે આ પટ્ટા તમારા છે, અમારા નહી, એટલે તમારા પટ્ટા ઉતરી જશે. તમે કહો તો ૨૪ કલાકમાં વર્તમાન અને ભુતકાળના તમામ વહિવટદારોના નામ સાથેનુ લીસ્ટ આપીશ, ત્યારબાદ પોલીસ પરીવારમાં રોષ જોવા મળી રહ્યો છે.




## કેબિનેટમાં ખાતરની અછત ઉપર ચર્ચા હાથ ધરાઈઃ ખાતરની અછત અને કૃષિ પેકેજ પર ધ્યાન કેન્દ્રીત કરાયું

પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે મંગળવારે ગાંધીનગર ખાતે મળેલી રાજય કેબિનેટની બેઠકમાં ખેડુતો સાથે સીધો સંબંધ ધરાવતા મહત્વના મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. રવી પાકના વાવેતરની મોસમ શરૂ થતાની સાથે જ રાજયમાં ખાતરની તીવ્ર અછત સર્જાઈ છે, જેના કારણે ખેડુતોને ખાતર મેળવવા માટે લાંબી લાઈનોમાં ઉભા રહેવુ પડી રહ્યુ છે.



આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને કેબિનેટે ખાતર પુરવઠા અને વિતરણ વ્યવસ્થા પર વિશેષ ચર્ચા કરી હતી. બેઠકમાં ટેકાના ભાવે ચાલી રહેલી વિવિધ પાકોની ખરીદી પ્રક્રિયાની પણ વિગતવાર સમિક્ષા કરવામાં આવી હતી. ખેડુતોને વધુ સારી સુવિધા મળે અને ખરીદી કેન્દ્રો પર ભીડ ન થાય તે માટે વધારાના પગલા લેવા સુચન કરવામાં આવ્યુ હતું. આ ઉપરાંત રાજય સરકારના મહત્વકાંક્ષી કૃષિ પેકેજની અમલવારી અને તેનાથી ખેડુતોને મળી રહેલા લાભની પણ કેબિનેટે સમિક્ષા કરી હતી. ખાસ કરીને રવી પાક માટેની સહાય યોજનાઓને વધુ અસરકારક બનાવવા પર ભાર મુકવામાં આવ્યો હતો. બેઠકમાં આગામી સમયમાં યોજાનારી રાજય સરકારની ચિંતન શિબિરની તૈયારીઓ અને તેના એજન્ડા અંગે પણ વિચારણા કરવામાં આવી હતી. આ શિબિરમાં ખેડુતોના હિતને લગતા મુદ્દાઓને વિશેષ પ્રધાન્ય આપવાનો નિર્ણય લેવાયો છે, મુખ્યમંત્રીએ અધિકારીઓને સ્પષ્ટ સુચના આપી હતી કે ખાતરની અછતનો પ્રશ્ન તાત્કાલીક ધોરણે ઉકેલાય તે જરૂરી છે અને ખેડુતોને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તેની સંપૂર્ણ કાળજી લેવામાં આવે, આ બેઠકથી ખેડુતોમાં આશાનુ નવુ કિરણ જાગ્યુ છે કે રાજય સરકાર તેમની સમસ્યાઓ પ્રત્યે સંવેદનશીલ છે અને ટુંક સમયમાં જ રાહત મળશે.

## જિગ્નેશ મેવાણીના નિવેદનથી પોલીસ પરીવારમાં રોષઃ હિંમતનગર માં કોંગ્રેસની આક્રોશ યાત્રા રોકાઈ

### વડગામથી સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર સુધી વિરોધની લહેરઃ મેવાણીના શબ્દો સામે પોલીસ પરીવારનો ઉગ્ર વિરોધ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી દ્વારા પોલીસ અંગે કરાયેલા કથિત અપમાનજનક નિવેદનને લઈને ઉત્તર ગુજરાતમાં પોલીસ પરીવારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે,

મેવાણીએ થોડા દિવસો અગાઉ પોલીસના યુનિફોર્મ અને પટ્ટા અંગે કરેલી ટીપ્પણી બાદ વાવ થરાદ અને મહેસાણા, પાટણ, સહિતના જિલ્લાઓમાં વિરોધ ઉઠી રહ્યો છે.

આજે સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરમાં કોંગ્રેસની જન આક્રોશ યાત્રા પહોચતા જ પોલીસ પરીવારની




મહિલાઓએ રેલી રોકી વિરોધ નોંધાવ્યો હતો. પ્લે કાર્ડ અને સુત્રોચ્ચાર સાથે મહિલાઓએ આક્ષેપ કર્યો હતો કે મેવાણીના શબ્દો પોલીસનુ અપમાન છે. કોંગ્રેસની જનઆક્રોશ યાત્રા હિંમતનગર પહોચતા જ પોલીસ પરીવારની મહિલાઓએ રસ્તો અટકાવી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. વિરોધ દરમિયાન મહિલાઓએ અમિત ચાવડાને રજુઆત કરી હતી અને મેવાણીના નિવેદનથી તેઓ દુભાવાઈ હોવાની વાત કરી હતી, મહિલાઓએ આક્ષેપ કર્યો હતો કે રેલી દરમિયાન કોંગ્રેસ કાર્યકર્તાઓએ તેમની સાથે ધકકામુકકી પણ કરી હતી, તેમની માંગ હતી કે પોલીસના પડકારરૂપ ફરજોને અવગણતા અને પરીવાર થી દુર રહેતા અધિકારીઓની મહેનતનુ અપમાન કોઈપણ રીતે સ્વીકાર્ય નથી,

વિગતવાર વાત કરતા કોંગ્રેસ નેતા અમિત ચાવડાએ પણ ગંભીર આક્ષેપો લગાવ્યા હતા. તેમને જણાવ્યુ હતુ કે ગુજરાતમાં દારૂ, જુગાર અને ડ્રગ્સના અડ્ડાઓ ખુલ્લેઆમ ચાલે છે અને હપ્તા લેવાય છે, તેમના કહેવા પ્રમાણે પોલીસ પરીવાર નહી પરંતુ રાજકીય દબાણ હેઠળ લોકો વિરોધના બેનરો લગાવી રહ્યા છે તો બીજી તરફ થરાદ પોલીસે સ્પષ્ટ કહ્યુ હતુ કે મેવાણીએ ટોળામાં ઉભા રહી અશોભનીય ભાષાનો ઉપયોગ કર્યો હતો. જે પોલીસની છબીને નુકશાન પહોચાડે એવો છે. વિરોધ કરતી મહિલાઓએ જણાવ્યુ હતુ કે તેમના પતિઓ તહેવારોમાં પણ પરીવાર સાથે રહી શકતા નથી અને સતત ફરજ માં જોડાયેલા જ રહે છે, પરીવારના સભ્યો બિમાર હોય ત્યારે પણ જિલ્લા અને રાજયની સુરક્ષા તેમની પ્રથમ જવાબદારી બને છે, તેઓનુ કહેવુ છે કે આવી કઠોર ફરજ બજાવતા કર્મચારીઓ અંગે અપમાનજનક ભાષા વાપરવી અત્યંત દુઃખદ અને અસ્વીકાર્ય છે, મહિલાઓએ પ્રશ્ન કર્યો હતો કે જયારે પોલીસ રેલીની સુરક્ષા માટે જ ઉભી છે ત્યારે તેમના જ વિરૂધ્ધ આવા શબ્દો કેમ બોલવામાં આવ્યા?

## ગુજરાતમાં ઘરેલુ હિંસાના કેસમાં ચિંતાજનક વધારોઃ રોજે રોજ ૨૦૬ મહિલાઓ બની રહી છે ભોગ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં મહિલા સામે ઘરેલુ હિંસાના કેસમાં ચિંતાજનક વધારો થઈ રહયો છે, ચાલુ વરસે જ ૬૭ હજાર થી વધુ મહિલાઓ ઘરેલુ હિંસાનો ભોગ બની ચુકી છે, આમ રોજે રોજ સરેરાશ ૨૦૬ જેટલી મહિલાઓ ઘરેલુ હિંસાનો ભોગ બને છે અને તેમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે.



વર્ષ ૨૦૨૫ માં અમદાવાદ જિલ્લામાં ૩૩૮૬૯, સુરત જિલ્લામાં ૧૨૪૧૪, રાજકોટ જિલ્લામાં ૧૧૭૮૧, વડોદરા જિલ્લામાં ૧૧૩૦૮ અને ભાવનગર જિલ્લામાં ૬૧૮૦ કેસ નોંધાઈ ચુકયા છે, દર વરસે ૨૫ નવેમ્બર ની ઉજવણી મહિલા સામે હિંસા નિવારણ દિવસ તરીકે કરવામાં આવે છે. મહિલાઓ માટેની હેલ્પ લાઈન અભયમ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર ગુજરાતમાં ચાલુ વરસે અત્યાર સુધી ૧.૬૮ લાખ થી વધુ કોલ્સ આવી ચુકયા છે. અભયમમાં આવેલા કોલ્સમાંથી અંદાજે ૪૦ ટકા ઘરેલુ હિંસાને લગતા હોય છે, ગત વરસે અભયમમાં ૨.૧૭ લાખ કોલ્સ આવ્યા હતા આ સ્થિતીએ દરરોજ આવેલા કોલ્સનુ પ્રમાણ ૫૯૫ હતુ જેની સરખામણીએ ચાલુ વરસે અત્યાર સુધીમાં ૧.૬૮ લાખ કોલ્સ આવ્યા હતા. ગુજરાતમાં છેલ્લા ૫ વરસમાં મહિલા હિંસાના કેસો તરફ નજર કરીએ તો (૧) ૨૦૨૧ માં ૧,૬૫,૬૬૪ (૨) ૨૦૨૨ ૧,૮૫,૭૪૬ (૩) ૨૦૨૩ ૨,૧૮,૨૮૧ (૪) ૨૦૨૪ ૨,૧૭,૨૨૮ (૫) ૨૦૨૫ ૧,૬૮,૦૪૧ મળી કુલ ૫ વરસમાં ૮,૫૫,૨૬૦ કેસ નોંધાઈ ચુકયા છે, જાણકારોના મતે ઘરેલુ હિંસાનો કાયદો ૨૦૦૫ માં અસ્તિત્વમાં આવ્યો હતો આ કાયદો અમલમાં આવ્યો એ પહેલા પણ જો કોઈ હિંસા થઈ હોય એટલે કે ભુતકાળમાં પણ ઘરેલુ હિંસા બની હોય તો એને પણ આ કાયદા હેઠળ આવરી લેવામાં આવે છે. આ પહેલા જે કાયદો હતો એ પત્ની, માતા અને પુત્રીને આવરી લેતો હતો. એટલે કે સ્ત્રીની વ્યાખ્યા પહેલા માતા કે પત્ની પુરતી સિમિત હતી એમાં હવે તમામ સ્ત્રીઓ આવી ગઈ, એટલે કે પ્રેમ સંબંધ હોય એની સાથે રહ્યા હોય એને પણ આ કાયદો લાગુ પડે છે.

અમદાવાદમાં છેલ્લા ૫ વરસમાં મહિલા હિંસા ના કેસો તરફ નજર કરીએ તો (૧) ૨૦૨૧ ૨૬૯૯૯ (૨) ૨૦૨૨ ૩૧૬૧૨ (૩) ૨૦૨૩ ૪૦૦૨૭ (૪) ૨૦૨૪ ૪૪૭૯૧ (૫) ૨૦૨૫ ૩૩૮૬૯ મળી કુલ ૧,૭૭,૨૯૮ અમદાવાદમાં કેસ નોંધાઈ ચુકયા છે. આ સિવાય પતિ હાથ ઉપાડે તો પત્નીએ જરૂર પડે તો કાયદાકીય કાર્યવાહી કરવી જોઈએ. હકીકતમાં મહિલાઓ સમાજ, સગા સંબંધી અને પરીવાર વિશે વિચારીને જ સહન કરે છે. એમને લાગે છે કે હું ફરીયાદ કરીશ તો મારા ઘરની આબરૂ જશે, કોઈ શું વિચારશે ? પરંતુ મારૂ જીવન જીવવાનો હકક દરેક મહિલાને છે, પોતાના પર થતા અત્યાચાર સામે ૧૦૦ ટકા પગલા લેવા જોઈએ.

## અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના ભેંસાવાડા ગામે વીજ કરંટથી બે વ્યકિત જીવતા ભડથુઃ ચોરીના ઈરાદે આવ્યા હોવાની ચર્ચાએ પકડયુ જોર

પ્રતિનિધિ,ગાંધીનગર

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના ભેંસાવાડા ગામમાં એક કરૂણ અને સનસનાટીપૂર્ણ ઘટના બનવા પામી છે. જયાં વિજળીના જીવંત તાર ના સંપર્કમાં આવવાથી બે અજાણ્યા શખ્સોનુ ઘટના સ્થળે જ મોત નિપજયુ હતું. કરંટ એટલો જોરદાર હતો કે બંને વ્યકિતઓ જીવતા ભડથુ થઈ ગયા હતા, મળતી માહિતી અનુસાર ધનસુરા તાલુકાના ભેંસાવાડા ગામ નજીક આવેલા



સાકરીપુલ પાસે આ ઘટના બનવા પામી હતી, ગ્રામજનોના કહેવા પ્રમાણે બે અજાણ્યા શખ્સો એક છોટા હાથી (મીની ટ્રક) વાહન લઈને આ વિસ્તારમાં આવ્યા હતા તેઓ કોઈ કામગીરી કરી રહ્યા હતા તે દરમિયાન તેઓ વીજ પોલના જીવંત તાર ના સંપર્કમાં આવી ગયા હતા , વીજ કરંટ લાગતા બંને શખ્સોના ઘટનાસ્થળે જ કરૂણ અને દર્દનાક મોત નિપજયા હતા અને તેમનો મૃતદેહ સંપૂર્ણપણે બળીને ખાક થઈ ગયો હતો. બનવાની જાણ થતાં જ આજુબાજુના સ્થાનિક લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિક લોકોમાં એવી ચર્ચાઓ થઈ રહી હતી કે આ બંને શખ્સો અહીં કોઈપણ પ્રકારની ચોરીના ઈરાદે આવ્યા હતા, કદાચ વિજળી સંબંધીત સાધનો કે અન્ય વસ્તુઓની ચોરી કરવાનો તેમનો હેતુ હોઈ શકે છે. જો કે પોલીસે ઘટનાસ્થળે પહોચીને બંને મૃતકોની ઓળખ કરવા અને તેમના અહીં આવવાના ચોકકસ ઈરાદાની તપાસ શરૂ કરી હતી. પોલીસે અકસ્માત મૃત્યુનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ભાજપના પૂર્વ મંત્રી જવાહર ચાવડાનો વિડીયો વાયરલ : જવાહર ચાવડાએ કહ્યુ ભરતીમાં વારંવાર પેપરલીક થવાથી યુવાનો હતાશ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં વિસાવદરની ચુંટણી બાદ પૂર્વ મંત્રી જવાહર ચાવડા ખુબ જ એકટીવ જોવા મળી રહ્યા છે. જુનાગઢના કદાવર નેતા ભાજપથી નારાજ છે તેવી ચર્ચાઓ ચાલી રહી છે અને તે વચ્ચે હવે તેઓ જુનાગઢના યુવાનોમાં વધતી બેરોજગારી મામલે તેઓ હવે સક્રિય થયા છે અને તેમણે સોશીયલ મીડીયાના માધ્યમથી બેરોજગારી મુદ્દે અવાજ ઉઠાવ્યો છે. જુનાગઢમાં તેમણે રોજગાર સહાયતા અભિયાન સાથે યુવાનોને પ્રતિભાવ આપવાની પણ અપીલ કરી છે. આ સાથે જ ૮ મહિનાના સંવાદ બાદ યુવાનોની પીડતા અને મુદ્દાઓનુ ચાવડાએ વર્ણન કર્યુ છે. જવાહર ચાવડાએ સરકારી વિભાગોમાં સંકલનનો અભાવ અને વ્યવસ્થાના અભાવ પર કટાક્ષ કર્યો હતો. જવાહર ચાવડાએ કહ્યુ હતુ કે સરકારી વિભાગો માં પણ અનેક સમસ્યાઓ અને સંકલનનો અભાવ છે કે સુચારૂ વ્યવસ્થા નથી, મોટી કંપનીઓમાં પણ સ્થાનિક લોકોને રોજગારી આપવામાં સંપૂર્ણ નિષ્ફળ ગઈ છે. તે ઉપરાંત ઓરમાયુ વર્તન પણ કરે છે, વારંવાર પેપર લીક થવાથી અને પસંદગીની ખોટી પધ્ધતિઓથી યુવાનોમાં આક્રોશ અને હતાશાની લાગણી ફેલાય છે. આપણી યુવા પેઢી મહેનતી અને હોંશિયાર હોવા છતાં બેરોજગાર છે અને આ એક સામાજિક જવાબદારી છે. જેમાં આપણે સૌ કયાંક નિષ્ફળ ગયા છીએ.



## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આગામી તા. ૫ મીથી ગુજરાતના ૩ દિવસના પ્રવાસે આવી રહ્યા છે

પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આગામી તારીખ ૫ મી ડીસેમ્બર થી ૭ મી ડીસેમ્બર સુધી ૩ દિવસની ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. જે દરમિયાન તેઓ રાજયના પાટનગર અને મહાનગર અમદાવાદમાં અનેક મહત્વપૂર્ણ કાર્યક્રમોમાં ભાગ લેવાના છે.



આ પ્રવાસનુ મુખ્ય આકર્ષણ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન (એએમસી) દ્વારા હાથ ધરવામાં આવેલા રૂપીયા ૧૫૦૦ કરોડથી વધુના વિકાસ કાર્યોનુ ખાતમુહુર્ત અને લોકાર્પણ કરવાના છે, આ વિકાસ કાર્યોમાં જનતા માટેની સુવિધાઓ અને માળખાગત સુધારાઓનો સમાવેશ થાય છે,

ગૃહમંત્રી ખાસ કરીને વસ્ત્રાલ સ્પોર્ટસ કોમ્પલેક્ષ અને રીનોવેટ કરાયેલા વસ્ત્રાપુર તળાવનુ લોકાર્પણ કરશે જે અમદાવાદના નાગરીકોને નવીનતમ મનોરંજન અને રમત ગમતની સુવિધાઓ પ્રદાન કરશે.

પ્રવાસના અંતિમ દિવસે ૭ ડીસેમ્બરે અમિત શાહ અમદાવાદના ગોતા વિસ્તારમાં એક વિશાળ જાહેર સભાને સંબોધન કરશે, તેમની આ મુલાકાત ગુજરાતમાં વિકાસ કાર્યોને વેગ આપવા અને પાર્ટી સંગઠનને મજબુત કરવાના સંદર્ભમાં ખુબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

## રાજયના સબ રજીસ્ટ્રારોને તલાટીના દાખલા ના આધારે દસ્તાવેજ ન નોંધણી કરવા અપાયા સુચનો

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં સબ રજીસ્ટ્રાર દ્વારા કેટલાક કિસ્સામાં જંત્રીની ગાઈડલાઈનના બદલે તલાટી કમ મંત્રીનો દાખલો લઈ તેના આધારે સ્ટેમ્પ ડયુટી અને દસ્તાવેજ નોંધણી કરવામાં આવતી હોવાનુ ધ્યાન પર આવતા સ્ટેમ્પસ કચેરી દ્વારા તેમ કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સબ રજીસ્ટ્રાર ને જંત્રી અમલીકરણની ગાઈડ લાઈનની નોંધ મુજબ કાર્યવાહી કરવા અથવા સ્ટેમ્પ ડયુટીના નાયબ કલેકટરને અસલ લેખ મોકલીને નિર્ણય લેવા સુચના અપાઈ છે. રાજયના નાયબ નોંધણી સર નિરીક્ષક એસ આર તાંબીયાર દ્વારા રાજયના તમામ સબ રજીસ્ટ્રાર ને ૨૧ નવેમ્બરે દસ્તાવેજ નોંધણી પ્રક્રિયાને લઈને સુચના અપાઈ છે. જેમાં કેટલાક અરજદારોની સબ રજીસ્ટ્રાર દ્વારા ખેતીની જમીન બિન પિયતની હોય અને અન્ય પુરાવો ન હોય તો સંબંધીત તલાટી કમ મંત્રીનો દાખલો લેવામાં આવે છે.

તેવી રજુઆત મળી હતી તે સાથે ગ્રામ્ય વિસ્તારમાં બાંધકામવાળી મિલ્કત હોય ત્યારે ઘસારો બાદ કરવા માટે મિલ્કતનુ આયુષ્ય કેટલુ છે અને તેનો વિસ્તાર કેટલો છે તે અંગે દાખલો લેવામાં આવતો હોવાનુ પણ રજુઆતમાં જણાવાયુ છે.

આ બાબતને કચેરી દ્વારા સ્પષ્ટતા કરી કે નિયમોનુસાર નહી હોવાનુ જણાવી મિલ્કતની બજાર કિંમત નકકી કરવા તમામ સબ રજીસ્ટ્રારોને કોઈપણ બાબતે તલાટીના દાખલાના આધારે દસ્તાવેજ નોંધણી ન કરવા અને સ્ટેમ્પ ડયુટી માટે તલાટીના દાખલાનો આધાર નહી લેવા તાકીદ કરાઈ છે.

તે ઉપરાંત સબ રજીસ્ટ્રારોએ જંત્રીના ભાવ માટે અમલીકરણની



ગાઈડ લાઈન (ક્રમ નં. ૩) અને તેની (ઘસારા બાબત) નોંધ મુજબ કાર્યવાહી કરવા અથવા નાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્રને અસલ લેખ મોકલીને નિર્ણય લેવા સુચના અપાઈ છે.

## ગુજરાતમાં એસઆઈઆરની કામગીરીમાં ભાજપથી રાષ્ટ્રીય મહામંત્રી નારાજ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતની બે દિવસની મુલાકાતે આવેલા ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી બી એલ સંતોષે રાજયમાં મતદાર યાદી પુનઃ સમિક્ષાની જે ચુંટણીપંચે કવાયત શરૂ કરી છે તેમાં પક્ષના ધારાસભ્યો અને સાંસદોની નિષ્ક્રિયતા સામે તેઓએ કડક સુચના આપીને સ્થાનિક સંગઠન અને ધારાસભ્યો તેમજ સાંસદો આ એસઆઈઆર ની કામગીરીમાં જોડાય તેવુ જણાવ્યુ હતું. ખાસ કરીને મતદારોને જે રીતે ફોર્મ ભરવાથી લઈ અને ૨૦૦૨ ની મતદાર યાદીમાં તેમના નામ જોડવા વગેરેની મુશ્કેલી પડી રહી છે. તેમાં ભાજપને નિષ્ક્રિય અને સક્રિય મતદારોને ઓળખીને જે મતદારો હજુ એસઆઈઆર ની કામગીરીમાં બાકી



રહ્યા છે તેનો સંપર્ક કરીને તેમના ફોર્મ ભરાય તે જોવા જણાવ્યુ હતું. બી એલ સંતોષે ગાંધીનગરમાં પણ પક્ષના સંગઠન સાથે બેઠક લીધી હતી અને તેમાં એકંદરે રાજયમાં મોટા ભાગના વિસ્તારોમાં ૫૦ ટકા જેટલી કામગીરી એસઆઈઆર માં થઈ છે, તેના પર ચિંતા વ્યકત કરી હતી અને તેમાં વધુમાં વધુ મતદારો સામેલ થાય તે જોવા ખાસ સુચના આપી હતી.

## અનાજના પ્રશ્ન મુદ્દે અંકલેશ્વરની હતાશ મહિલાએ સચિવાલયમાં ઝેર પીધું

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતમાં સામાન્ય વ્યક્તિની ફરિયાદ સાંભળનાર જ કોઈ નથી. રેશનકાર્ડ હોવા છતાં અનાજ અપાતુ નથી તેવી ફરિયાદ કર્યા પછી સ્થાનિક તંત્ર ગરીબ કાર્ડધારકનું સાંભળવા તૈયાર નથી. આ સંજોગોમાં અંકલેશ્વરનો એક ગરીબ પરિવાર અનાજ મુદ્દે રજૂઆત કરવા ગાંધીનગર પહોંચ્યો હતો પણ હારી-થાકીને મજબૂરવશ મહિલાએ ઝેરી દવા ગટગટાવી હતી જેથી સ્વર્ણિમ સંકુલ પાસે દોડધામ મચી હતી. સુરક્ષાકર્મીઓએ મહિલાને તાત્કાલિક એમ્બ્યુલન્સ વાનમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. રડમસ ચહેર મહિલાના પતિએ કહ્યું કે, અમારાં બાળકો ભૂખે મરે છે. અનાજ પણ મળતું નથી. ગુજરાતમાં કોઈ વ્યક્તિ ભૂખ્યો સુઇ રહેશે નહીં તેવી બડાઈ હાંકવામાં આવી રહી છે પણ સમૃધ્ધ ગુજરાતમાં પરિસ્થિતી એવી સર્જાઇ છે કે, ઘણાં ગરીબ પરિવારોને બે ટંક ખાવા ના ય ફાંફા છે. બન્યુ એવુ કે, આજે ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ-૧માં અંકલેશ્વરથી શિતલ માલવિયા તેમના પતિ અને બે સંતાનો સાથે અનાજ મુદ્દે રજૂઆત કરવા પહોચ્યો હતાં. તેમનું કહેવુ હતું કે, રેશનકાર્ડ હોવા છતાં વાજબી ભાવની દુકાને સમયસર અનાજ મળતુ નથી. આ મામલે સ્થાનિક કક્ષાએ ઘણી વાર રજૂઆત કરી છતાંય કોઈ સાંભળતુ નથી. તેમણે રજૂઆત કરી છતાંય પ્રશ્નોનું નિરાકરણ આવી શક્યુ ન હતું. સાંજે ચારેક વાગે સ્વર્ણિમ સંકુલ-૧ પાસે અચાનક જ રજૂઆતકર્તા શિતલ માલવિયાએ ઝેરી દવા પી લીધી હતી. ઝેરી દવાની અસર થતાં મહિલા બેભાન થઈ ગઈ હતી.